અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદીત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહીં. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્બેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

ગુજરાત વડી અદાલત, અમદાવાદ માં

ક્રીમીનલ મિસ્લેન્યસ એપ્લીકેશન ( એફ.આઈ.આર./આદેશ રદ કરવા માટે) નં

૪૨૮૯/૨૦૧૪

મંજૂરી અને હસ્તાક્ષર માટે:

માનનીય ન્યાયમૂર્તીશ્રી જે.બી. પારડીવાલા

=====================================================

૧ શું સ્થાનિક અખબારોના પ્રતિનિધિઓને આ ચુકાદો જોવા માટે અનુમતિ આપી શકાય?

૨ રિપોર્ટરને મોકલવું કે નહીં ?

૩ શું માનનીય ન્યાયમૂર્તીશ્રી ચુકાદાની શુદ્ધ નકલ જોવાની ઈચ્છા રાખે છે?

૪ શું આ પ્રકરણમાં ભારતના બંધારણ, ૧૯૫૦ અથવા તેના હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશના અર્થઘટન સંબંધિત કાયદાનો કોઈ મહત્વપૂર્ણ પ્રશ્ન સંકળાયેલો છે?

૫ શું તે દીવાની ન્યાયાધીશને પરિભ્રમિત કરવાનું છે ?

==========================================================

હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ ગિરિશ વસુદેવન કોલિયાટે

અને ૧૫....અરજદાર(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય અને ૨....પ્રતિવાદી(ઓ)

==========================================================

હાજરી:

અરજદાર(ઓ) નં  ૧ – ૩, ૧૦ – ૧૬ માટે મેસર્સ વાડિયાઘાંડી એન્ડ કો., વકીલ,

પ્રતિવાદી(ઓ) નં  ૧ માટે ગવર્નમેન્ટ પ્લીડર,

પ્રતિવાદી(ઓ) નં  ૨ – ૩ માટે નિયમ બજાવેલ

=======================================================

કોરમ: માનનીય ન્યાયમૂર્તીશ્રી જે.બી. પારડીવાલા

તારીખ : ૨૧/૧૧/૨૦૧૪

મૌખિક ચુકાદો

૧. ફોજદારી પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૮૨ હેઠળની આ અરજી દ્વારા, અરજદારો ફોજદારી પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૦૨ હેઠળ પોલીસ તપાસ માટે અમદાવાદની અદાલત નં  ૨૫ના વિદ્વાન અધીક મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૨ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ પસાર કરાયેલ આદેશને પડકારવા માંગે છે.

૨. રેકર્ડ પરનાં પુરાવાથી એવું દેખાય છે કે પ્રતિવાદી નં ૨ એ અહીંના અરજદારો વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમો ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૫, ૪૭૬, ૪૭૭(એ), ૪૯૯, ૫૦૦ તથા ૧૧૪ સાથે વાંચવાની જોગવાઈ હેઠળ દંડનીય ગુનાઓ બાબતે અમદાવાદ સ્થિત મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની અદાલત, અદાલત નં ૨૫ માં ખાનગી ફરિયાદ દાખલ કરી હતી. એ પણ પ્રગટ થાય છે કે વિદ્વાન દંડાધિકારીએ ફરિયાદ પર સંજ્ઞાન લીધું હતું, કારણ કે ફરિયાદની સોગંદ ઉપરની ચકાસણી નોંધવામાં આવી હતી. સોગંદ ઉપરની ચકાસણી નોંધ્યા બાદ, વિદ્વાન દંડાધિકારીએ દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૨ હેઠળ તપાસ આરંભ કરવી યોગ્ય ગણેલી. વિદ્વાન દંડાધિકારીએ શાહપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. ને તપાસ હાથ ધરવા અને તે સંદર્ભે યોગ્ય અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપવો યોગ્ય ગણ્યો. એ જ તબક્કાએ અરજદારોએ સંહિતાની કલમ ૨૦૨ હેઠળના તપાસના આદેશને રદ કરવા માટે પ્રાર્થના કરતી હાલની અરજી દાખલ કરી હતી.

૩. એવું જણાય છે કે આ અદાલત દ્વારા તા. ૨૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ પસાર કરાયેલા આદેશ દ્વારા નિયમ બહાર પાડવાનો આદેશ કરવામાં આવ્યો હતો. પરિછેદ–૪૭(સી) અને (ડી) મુજબની અસ્થાયી વચગાળાની દાદ પણ મંજૂર કરવામાં આવી હતી. ૪૭(સી) અમદાવાદ ખાતે મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ, અદાલત નં. ૨૫ સમક્ષ બાકી રહેલ

ફોજદારી કેસ નં. ૬૯/૨૦૧૩ની આગળની કાર્યવાહી પર સ્થગિતી અંગે છે અને ૪૭(ડી) નીચલી અદાલત દ્વારા તા. ૨મી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ પસાર કરાયેલા આક્ષેપિત આદેશની અમલવારી અને અમલીકરણ પર સ્થગિતી તથા પ્રતિવાદી નં. ૨ દ્વારા તા. ૧૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ જારી કરવામાં આવેલા અનુસંગી સમન્સ અંગે છે।

૪. જ્યારે મામલો સુનાવણી માટે હાથ ધરાયો, ત્યારે અરજદારો તરફથી હાજર રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી જોશિનું મેં આ બાબતે ધ્યાન દોર્યું કે આજની તારીખે તેમના અસીલોને આરોપી વ્યક્તિઓ તરીકે ગણાવી શકાય તેમ નથી. તેઓ માત્ર ફરિયાદમાં નામ દર્શાવાયેલ વ્યક્તિઓ છે. ભલે વિદ્વાન મેજિસ્ટ્રેટે ફોજદારી કાર્યવાહી સંહિતા હેઠળની કલમ ૨૦૨ અનુસાર તપાસનો આદેશ આપ્યો હોવાથી ફરિયાદ ઉપર સંજ્ઞાન લીધું હોવાનું કહી શકાય, તેમ છતાં વિદ્વાન મેજિસ્ટ્રેટે ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૦૪ હેઠળ પ્રક્રિયા જારી કરવાનો કોઈ આદેશ કર્યો નથી.

૫. શક્ય છે કે તપાસ પૂર્ણ થયા પછી પોલીસ નિરીક્ષક જે અહેવાલ રજૂ કરશે તે પ્રાપ્ત થયા બાદ, વિદ્વાન મેજિસ્ટ્રેટ ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૩ હેઠળ ફરિયાદને નામંજૂર પણ કરે. તે જ સમયે, એ પણ શક્ય

છે કે વિદ્વાન મેજિસ્ટ્રેટ સંહિતાની કલમ ૨૦૪ હેઠળ પ્રક્રિયા જારી કરવાનો આદેશ આપવો યોગ્ય ગણાવે.

૬. તેથી, આ અરજીમાં મારા વિચારાધીન આવતો એકમાત્ર પ્રશ્ન એ છે કે આ તબક્કે, ફરિયાદમાં નામ દર્શાવાયેલા વ્યક્તિઓ સંહિતાની કલમ ૨૦૨ હેઠળ તપાસ માટે વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા પસાર કરવામાં આવેલ આદેશને પડકારી શકે કે કેમ.

૭. આ બાબતમાં કાયદો સુસ્થાપિત છે. ફરિયાદમાં જેમના નામ દર્શાવવામાં આવ્યા છે તે અરજદારોને હજુ સુધી આરોપી તરીકે બોલાવવામાં આવેલ હોવાનો દરજ્જો અપાયેલો નથી, તેથી ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૨ હેઠળ આરંભાયેલી મેજિસ્ટ્રીયલ તપાસમાં ભાગ લેવાનો તેમને કોઈ અધિકાર નથી. વધુમાં વધુ, તેઓ માત્ર કાર્યવાહી નિહાળી શકે, પરંતુ આ તબક્કે તેઓ પોતાનો બચાવ અથવા પોતાનો પક્ષ રજૂ કરી શકતા નથી. તેથી, ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૪ હેઠળ આરોપી વ્યક્તિઓને નીચલી અદાલતમાં વિચારણા સામેથી ઉપસ્થિત થવા સમન્સ જારી ન થાય ત્યાં સુધી, કોઈ વ્યક્તિને આ મામલામાં લોકસ સ્ટેંડી હોતો નથી. તેને ન તો અદાલતમાં હાજર રહેવાની, ન પોતાની હાજરી નોંધાવવાની અને ન જામીન માટે અરજી કરવાની જરૂરિયાત રહે છે. તેથી, ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૨

હેઠળ તપાસાધીન ફરિયાદ કેસની માત્ર નોંધણી, અથવા તેનું ચાલુ રહેવું, આરોપીને કાર્યવાહી પડકારવાનો કોઈ લોકસ સ્ટેંડી આપતું નથી, જ્યાં સુધી ગુનાની નોંધ લેવામાં ન આવે અને ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૨ હેઠળની તપાસ પૂર્ણ થયા પછી તેને વિચારણા સામેથી ઉપસ્થિત થવા સમન્સ કરવામાં ન આવે.

૮. ફરિયાદના કેસમાં આરોપી તરીકે અદાલત સમક્ષ રજૂ કરાયેલા વ્યક્તિના લોકસ સ્ટેન્ડી બાબતે અને પોલીસ કેસમાં આરોપી વ્યક્તિના લોકસ સ્ટેન્ડી બાબતે મૂળભૂત ફરક છે. પોલીસ કેસમાં, જો કોઈ વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવેલ આક્ષેપથી સંજ્ઞેય ગુનો પ્રકાશમાં આવે, તો તે તાત્કાલિક આરોપી બની જાય છે અને તેની ધરપકડ કરવામાં પણ આવી શકે છે. પરંતુ ખાનગી ફરિયાદના આધારે વિદ્વાન મેજિસ્ટ્રેટે સંહિતાની કલમ ૨૦૨ હેઠળ તપાસ કરવાનો આદેશ કર્યો હોય, તો તેવી સ્થિતિ રહેતી નથી

૯. આવી પરિસ્થિતિઓમાં, એવું કહી શકાય કે આ અરજીઓ સમયપૂર્વ તબક્કે દાખલ કરવામાં આવી છે. અંતે, તપાસ પૂર્ણ થયા પછી, વિદ્વાન મેજિસ્ટ્રેટ કલમ ૨૦૪ હેઠળ પ્રક્રિયા જારી કરવાનો નિર્ણય કરે, ત્યારે અરજદારોને તેવા આદેશને તેના સ્વતંત્ર ગુણદોષના આધાર પર નવી અરજી દાખલ કરીને પડકારવા માટે ખુલ્લું રહેશે. આ પણ સુસ્થાપિત છે કે જ્યારે દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૨૦૨ હેઠળ પોલીસને તપાસ

કરવા કહેવામાં આવે છે, ત્યારે ફરિયાદમાં નામ દર્શાવેલ વ્યક્તિની ધરપકડ કરવાની સત્તા પણ તેને હોતી નથી.

૧૦. વ્યક્તિને સંહિતાની કલમ ૩૪૦ હેઠળના પ્રારંભિક તપાસના આદેશને પડકારવાના અધિકાર અંગે લગભગ સમાન પ્રશ્ન પર વિચાર કરવાની મને એક પ્રસંગે તક મળી હતી. તે કેસમાં, વાદીએ પ્રતિવાદીઓ વિરુદ્ધ સંહિતાની કલમ ૩૪૦ હેઠળ કાર્યવાહી આરંભ કરવા માટે દીવાની અદાલત સમક્ષ એક અરજી દાખલ કરી હતી. વાદી દ્વારા દાખલ કરવામાં આવેલી આવી અરજીના અનુસંધાને, અદાલતે પ્રારંભિક તપાસ આરંભ કરી હતી. આ અરજી દીવાની અદાલત વિચારાધીન લીધી હતી અને વાદી તથા પ્રતિવાદીઓની સુનાવણી કર્યા બાદ, સંબંધિત અદાલતે ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૩૪૦ હેઠળ કલ્પાયેલ મુજબ પ્રારંભિક તપાસનો આદેશ કર્યો હતો. આવા પ્રારંભિક તપાસના આદેશથી વ્યથિત થઈ, પ્રતિવાદીઓ દીવાની અદાલતે કરેલા આદેશને પડકારતી અરજી લઈને આવ્યા હતા. મેં કલમ ૨૦૨ની તપાસની સમરૂપતા લાગુ પાડી એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, જ્યાં સુધી અદાલત કાયદાની અદાલતમાં ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય ન કરે ત્યાં સુધી, પ્રતિવાદીને એવા પ્રારંભિક તપાસના આદેશને પડકારવાનો કોઈ અધિકારસ્થાન નહોતું. પરિચ્છેદ– ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ માં કરવામાં આવેલ નિરીક્ષણો હું લાભદાયક રીતે ઉદ્ધૃત કરી શકું છું.

૯. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨૭ હેઠળની આ અરજીમાં મારા નિર્ધારણ માટે ઊભો થતો એકમાત્ર પ્રશ્ન એ છે કે શું સંહિતાની કલમ ૩૪૦ હેઠળ, કોઈપણ અદાલતમાં કોઈપણ કાર્યવાહીને સંબંધિત ખોટી સાક્ષી આપવાના ગુનાના આક્ષેપ સાથે કરવામાં આવેલી અરજી અંગે, જેના વિરુદ્ધ આવી અરજી કરવામાં આવી હોય તે પક્ષકારને નીચલી અદાલત સાંભળવા માટે બાધ્ય છે કે નહીં, અને સંહિતાની કલમ ૩૪૦ હેઠળ આવી અરજી કરવામાં આવ્યા પછી જો નીચલી અદાલત પ્રાથમિક તપાસ હાથ ધરવાનો નિર્ણય કરે, તો એવો આદેશ જેના વિરુદ્ધ ખોટી સાક્ષીના આક્ષેપો કરવામાં આવ્યા હોય તે પક્ષકાર દ્વારા પડકારવામાં આવી શકે કે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, હાલના કેસમાં પ્રતિવાદી, અર્થાત્ અત્રેનો અરજદાર, ને આંક ૪૫ ની અરજીનો કોઈ પણ રીતે નિર્ણય કરતા પહેલાં નીચલી અદાલત સમક્ષ સાંભળાવાનો કોઈ અધિકાર ન હતો અને જો નીચલી અદાલતે કાયદાની ગેરસમજ હેઠળ પ્રતિવાદીને આંક ૪૫ ની અરજીનો વિરોધ કરવા સાંભળવાની તક આપી હોય અને ત્યારબાદ યોગ્ય માને તો પ્રાથમિક તપાસનો આદેશ કર્યો હોય, તો શું પ્રતિવાદી એવો આદેશ આ અદાલત સમક્ષ સંવિધાનના અનુચ્છેદ ૨૨૭ હેઠળ પડકારી શકે?

૧૦. પ્રિતીશ (ઉપરોક્ત) ના કેસમાં ચુકાદો ઉચ્ચારાયા પછી કાયદાની સ્થિતિ હવે નવી કે અનિર્ણિત રહી નથી, એવો હું અભિપ્રાય ધરાવું છું. હું આ નિષ્કર્ષે પહોંચવામાં જરાય સંકોચ અનુભવતો નથી કે અરજદાર (મૂળ પ્રતિવાદી) ને સંહિતાની કલમ ૩૪૦ હેઠળ પ્રાથમિક તપાસ કરવાનો નીચલી અદાલતે આંક ૪૫ નીચે આપેલો આદેશ પડકારવાનો કોઈ હકસ્થાન કે અન્ય કોઈ અધિકાર નથી. આ દૃષ્ટિકોણ અપનાવતા હું સંહિતાની કલમ ૨૦૨ હેઠળની મેજિસ્ટ્રીયલ તપાસ સંબંધિત સમાનતા અથવા કાયદાની સ્થિતિનો આધાર લઈ શકું છું. ખાનગી ફરિયાદમાં, જો મેજિસ્ટ્રેટ સંજ્ઞાન લીધા પછી સંહિતાની કલમ ૨૦૨ હેઠળ મેજિસ્ટ્રીયલ તપાસ શરૂ કરવાનો નિર્ણય કરે, તો એવા કેસમાં આરોપી તપાસમાં ભાગ લઈ શકે કે કેમ? તેનો ઉત્તર નકારાત્મક છે. જે આરોપી સામે સંહિતાની કલમ ૨૦૪ હેઠળ હજુ પ્રક્રિયા જારી થવાની બાકી છે, તેવો આરોપી સંહિતાની કલમ ૨૦૨ હેઠળ મેજિસ્ટ્રીયલ તપાસ કરવાનો આદેશ અપાઈ રહ્યો હોય તે તબક્કે મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થઈ શકતો નથી. આ સ્થિર કાનૂની સ્થિતિ છે કે તે એવી તપાસમાં ભાગ લઈ શકતો નથી, તેમજ તે તબક્કે પોતાના પક્ષમાં પુરાવા રજૂ કરીને ફરિયાદ નામંજૂર થવી જોઈએ એવું મેજિસ્ટ્રેટને કહી પણ શકતો નથી. અંતે, આવી મેજિસ્ટ્રીયલ તપાસ પૂર્ણ થયા પછી જો મેજિસ્ટ્રેટ સંજ્ઞાન લેવાનો અને પ્રક્રિયા જારી કરવાનો નિર્ણય કરે,

તો એવો આરોપી યોગ્ય મંચ સમક્ષ પ્રક્રિયા જારી કરવાના આદેશને એ કહીને પડકારી શકે છે કે આવી પ્રક્રિયા જારી થવી જ ન હતી. તેનું કારણ અત્યંત સરળ છે. સંહિતાની કલમ ૨૦૨ હેઠળની તપાસ આરોપી વ્યક્તિઓ દોષિત ઠરવાની સંભાવના છે કે નહીં તે નક્કી કરવા માટે નથી, પરંતુ માત્ર સમન્સ જારી કરવું કે નહીં તે નક્કી કરવા માટે છે. એ જ રીતે, જ્યારે કોઈ કાર્યવાહીનો પક્ષકાર સંહિતાની કલમ ૩૪૦ હેઠળ અદાલત સમક્ષ અરજી કરે છે, ત્યારે અદાલતે એવો અભિપ્રાય બનાવવાનો હોય છે કે ન્યાયના હિતમાં એવી તપાસ કરવી યોગ્ય છે, જે કલમ ૧૯૫ ની પેટાકલમ (૧) ના ખંડ (બી) માં ઉલ્લેખિત કોઈ ગુના અંગે હોય, અને જે તે અદાલતમાં ચાલતી કાર્યવાહી દરમિયાન અથવા તેની સંબંધિત રીતે થયેલો હોવાનું જણાતું હોય, અથવા પ્રસંગોપાત, તે અદાલતમાં ચાલતી કાર્યવાહીમાં રજૂ કરાયેલા અથવા પુરાવામાં આપેલા દસ્તાવેજના સંદર્ભમાં હોય; તેવી અદાલત એવી પ્રાથમિક તપાસ કર્યા પછી તે અંગે નિષ્કર્ષ નોંધાવી શકે છે અને ત્યારબાદ લેખિત ફરિયાદ કરી શકે છે. સંહિતાની કલમ ૩૪૦ ના સાદા વાચનથી સ્પષ્ટ થાય છે કે સંબંધી અદાલત પર અંતિમ રીતે કલમ ૩૪૦ હેઠળની અરજીનો નિર્ણય કરતા પહેલાં પ્રાથમિક તપાસ કરવી કે નહીં તે તેનો વિવેકાધિકાર છે. અદાલત પ્રાથમિક તપાસના આધારે દ્હેલીજ પર જ અરજી નામંજૂર કરવી યોગ્ય માને

શકે છે અથવા પ્રાથમિક તપાસ પછી લેખિત ફરિયાદ કરી શકે છે. એ જ રીતે, પ્રાથમિક તપાસ કર્યા વિના પણ જો અદાલત સંતોષ પામે, તો ખોટી સોગંદી જુબાનીના ગુનાનો આક્ષેપ થયેલા પક્ષકાર વિરુદ્ધ લેખિત ફરિયાદ કરી શકે છે. આ રીતે, પ્રાથમિક તપાસનો હેતુ માત્ર એટલો જ છે કે ફરિયાદ નોંધાવવા યોગ્ય કેસ બને છે કે નહીં તે નક્કી કરવું. જે તબક્કે અદાલત ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય કરે છે, તે તબક્કે અદાલત જે વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવે છે તેને ગુનામાં દોષિત ઠરાવતી નથી, પરંતુ માત્ર પ્રથમદ્રષ્ટ્યા એવો નિષ્કર્ષ નોંધાવે છે કે ન્યાયના હિતમાં ફરિયાદ કરવી યોગ્ય છે. તેથી, કલમ ૩૪૦ હેઠળની અરજીના નિર્ણયના તબક્કે, જો સંબંધી અદાલત દ્વારા પ્રાથમિક તપાસ કરવાનો આદેશ આપવામાં આવ્યો હોય, તો આરોપીને સુનાવણીનો અથવા એવી પ્રાથમિક તપાસમાં ભાગ લેવાનો કોઈ અધિકાર નથી. અંતે, પ્રાથમિક તપાસ કર્યા વિના અથવા પ્રાથમિક તપાસ કર્યા પછી જો નીચલી અદાલત ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય કરે, તો તેવી પરિસ્થિતિમાં એવો આદેશ સંહિતાની કલમ ૩૪૧ હેઠળ અપીલપાત્ર આદેશ બની જશે. જ્યારે વિધાનમંડળે સંહિતાની કલમ ૩૪૦ હેઠળ પસાર થયેલા અંતિમ આદેશ વિરુદ્ધ જ વ્યથિત પક્ષકારને અપીલની જોગવાઈ કરવી યોગ્ય માની છે, ત્યારે એવી પરિસ્થિતિમાં એવું કહી શકાય નહીં કે સંબંધી પક્ષકાર

પ્રાથમિક તપાસ યોજવા અંગે નીચલી અદાલતના આદેશને પડકારી શકે.

૧૧. એવું જણાય છે કે આ પ્રશ્ન પ્રથમવાર બોમ્બે વડી અદાલતની નાગપુર પીઠ સમક્ષ પ્રિતીશ આર. ટાયડે અને અન્ય વિ. મહારાષ્ટ્ર રાજ્ય નામના મામલામાં વિચારણા માટે આવ્યો હતો, જે ૨૦૦૧ સી.આર. એલ. જે. ૧૫૯૪ માં અહેવાલિત નિર્ણય છે. પ્રિતીશ (ઉપરોક્ત)ના ઉક્ત મામલામાં, અપીલકર્તાઓએ સંહિતાની કલમ ૩૪૦ હેઠળ પ્રારંભિક તપાસ હાથ ધરીને તેમની વિરુદ્ધ ફરિયાદ પક્ષ શરૂ કરવા બાબત દીવાની ન્યાયાધીશ (એસ.ડી.)ના નિર્ણય સામે બોમ્બે વડી અદાલતનો આશરો લીધો હતો. અપીલકર્તાઓએ ઉક્ત આદેશને પડકારીને વધારાના જિલ્લા ન્યાયાધીશ, કુસાદની અદાલતમાં વિવિધ સિવિલ અપીલ દાખલ કરી હતી. ઉક્ત વિવિધ સિવિલ અપીલનો નિકાલ આ દિશાનિર્દેશ સાથે કરવામાં આવ્યો કે ઉક્ત મામલાના પ્રતિવાદી નં ૪ અને ૫ વિરુદ્ધ માનનીય જે.એમ.એફ.સી., કુસાદ સમક્ષ યોગ્ય ફરિયાદ કરવામાં આવે. દીવાની ન્યાયાધીશ (એસડી), કુસાદ સમક્ષના પ્રતિવાદીઓએ આક્ષેપ કર્યો હતો કે અપીલકર્તાઓએ બનાવટી દસ્તાવેજોને પુરાવા તરીકે રજૂ કરીને ભારતીય દંડ સંહિતાની કલમો ૧૯૧, ૧૯૨, ૧૯૬, ૧૯૯ તેમજ ૧૯૫ હેઠળના ગુનાઓ કર્યા હતા અને તેથી

કલમો ૪૬૩ અને ૪૬૪ હેઠળના, જે કલમ ૪૬૫ ભારતીય દંડ સંહિતા હેઠળ દંડનીય હતા, એવા ગુનાઓ પણ આચર્યા હતા. અદાલતે તે વ્યક્તિઓના નિવેદનો લઈને, જેમના વેચાણખત અપીલકર્તાઓએ બનાવટી બનાવ્યા હતા, તેમજ જે ઉપ–નોંધણી અધિકારી સમક્ષ આવા દસ્તાવેજોની નોંધણી કરવામાં આવી હતી, તેની પૂછપરછ કરીને પ્રારંભિક તપાસ હાથ ધરી હતી અને એવો પ્રથમદષ્ટ્યા સંતોષ થયા પછી કે આક્ષેપિત ગુનાઓ આચરવામાં આવ્યા હતા, માનનીય જે.એમ.એફ.સી. સમક્ષ ફરિયાદ દાખલ કરવાની દરખાસ્ત કરી હતી. અપીલ અદાલતે પ્રારંભિક તપાસમાં દીવાની ન્યાયાધીશ *(એસ.ડી.)* દ્વારા કરવામાં આવેલ ઉક્ત નિષ્કર્ષને સમર્થન આપ્યું અને તેમને એવી ફરિયાદ દાખલ કરવાનો દિશાનિર્દેશ આપ્યો. બોમ્બે વડી અદાલત સમક્ષ અપીલકર્તાઓ તરફથી દલીલ કરવામાં આવી હતી કે સંબંધિત અદાલતે કુદરતી ન્યાયના નિયમોના મૂળભૂત સિદ્ધાંતો અવગણ્યા હતા અને અપીલકર્તાઓને મામલામાં સાંભળવાની તક આપ્યા વિના તપાસ હાથ ધરીને તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય કર્યો હતો. બોમ્બે વડી અદાલત સમક્ષ વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે સંબંધિત અદાલતનો આ અભિગમ અપીલકર્તાઓને ગંભીર રીતે નુકસાનકારક હતો, કારણ કે તેનાથી તેમને સાંભળાવાની તકથી વંચિત રાખવામાં આવ્યા હતા, અને તેથી

આદેશ રદ કરવા માટે પ્રાર્થના કરવામાં આવી હતી. બોમ્બે વડી અદાલતના લોર્ડશીપે, દલીલોનું, ખાસ કરીને ફરિયાદ દાખલ કરવાનો અંતિમ આદેશ કરતા પહેલાં સાંભળવાની તક ન આપવાની મુખ્ય દલીલનું પરીક્ષણ કર્યા પછી અને સંહિતાની કલમ ૩૪૦ની સમગ્ર યોજનાનું અવલોકન કર્યા પછી, એવો નિષ્કર્ષ આપ્યો કે અપીલકર્તાઓની આ દલીલ કે અદાલતે મામલાની કોઈપણ તપાસ શરૂ કરતા પહેલાં અપીલકર્તાઓને નોટિસ આપવી જોઈએ હતી અને અપીલકર્તાઓને સાંભળાવાનો અધિકાર છે, સ્વીકાર્ય નથી. વડી અદાલતે આગળ નોંધ્યું કે જો અદાલતે સંહિતાની કલમ ૩૪૪ હેઠળ અપીલકર્તાઓ વિરુદ્ધ સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો હોત, તો તે સમજાય તેવી બાબત હતી અને તેવી સ્થિતિમાં સંક્ષિપ્ત વિચારણાની પ્રક્રિયા મુજબ જરૂરી હોય તેમ અપીલકર્તાઓને નોટિસ આપવી અદાલત માટે ફરજિયાત હતી; પરંતુ તેવા મામલામાં નહીં, જ્યાં અદાલતે સંહિતાની કલમ ૩૪૦(૧) હેઠળ અપીલકર્તાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવી જોઈએ કે નહીં તે નક્કી કરવા માટે પ્રારંભિક તપાસ હાથ ધરવાનું પસંદ કર્યું હોય.

૧૨. તે કેસમાં અપીલકર્તાઓ દ્વારા દાખલ કરાયેલ અપીલને નામંજૂર કરતી બોમ્બે વડી અદાલતની નાગપુર ખંડપીઠ દ્વારા

આપવામાં આવેલ ચુકાદા અને આદેશથી વ્યથિત થઈ, અપીલકર્તાઓએ સર્વોચ્ચ અદાલત સમક્ષ અપીલ કરવા માટે વિશેષ અનુમતિ માંગી. સર્વોચ્ચ અદાલતે બોમ્બે વડી અદાલતના ચુકાદા અને આદેશની પુષ્ટિ કરતાં અપીલ નામંજૂર કરી અને નીચે મુજબ ઠરાવ્યું :

"૮. સંહિતાના અધ્યાય ૨૬ માં "ન્યાયના પ્રશાસનને અસર કરતી ગુનાઓ બાબતે" જોગવાઈઓ સમાવિષ્ટ છે. તેમાં સમાવેશ પામેલ ૧૨ કલમોમાંથી અમારે માત્ર ત્રણનો જ વિચાર કરવો છે. કલમ ૩૪૦ માં ચાર પેટાકલમ ો છે, જેમાંથી માત્ર પ્રથમ પેટાકલમ જ આ કેસના હેતુ માટે સંબંધિત છે. તેથી ઉક્ત પેટાકલમ નીચે ઉતારવામાં આવે છે : "જ્યારે આ બાબતમાં કરવામાં આવેલી અરજી પર અથવા અન્યથા, કોઈ અદાલતનો એવો અભિપ્રાય થાય કે ન્યાયના હિતમાં એ યોગ્ય છે કે કલમ ૧૯૫ ની પેટાકલમ (૧) ના ખંડ (બી) માં ઉલ્લેખિત કોઈ ગુનાની તપાસ કરવામાં આવવી જોઈએ, જે તે અદાલતમાં ચાલતી કાર્યવાહી દરમિયાન અથવા તેના સંબંધમાં થયેલો જણાય છે અથવા, જે મુજબ પ્રસંગ હોય, તે અદાલતમાં ચાલતી કાર્યવાહીમાં પુરાવા તરીકે રજૂ કરાયેલ અથવા આપવામાં આવેલ દસ્તાવેજ અંગે થયેલો જણાય છે, ત્યારે એવી

અદાલત, જરૂરી માને તેવી પ્રારંભિક તપાસ, જો કોઈ હોય, તે કર્યા પછી, –

*(એ)* તે અંગેનો નિષ્કર્ષ નોંધવો;

*(બી)* તે બાબતે લેખિતમાં ફરિયાદ કરવી;

*(સી)* અધિકારક્ષેત્ર ધરાવતા પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટને તે મોકલવું;

*(ડી)* એવા મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીની હાજરી માટે પૂરતી જામીનગીરી લેવાય, અથવા જો આક્ષેપિત ગુનો બિનજામીનપાત્ર હોય અને અદાલતને તેમ કરવું આવશ્યક લાગે, તો આરોપીને કસ્ટડીમાં એવા મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલવામાં આવે; અને

*(ઈ)* કોઈપણ વ્યક્તિને તેવા મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવા અને પુરાવા આપવા માટે બાંયધરી પર બાંધવી."

૯. પેટાકલમના વાચનથી સ્પષ્ટ થાય છે કે આ જોગવાઈનો કેન્દ્રબિંદુ અદાલત દ્વારા એવો અભિપ્રાય રચવાનો છે કે, જે અદાલત સમક્ષ કાર્યવાહી ચલાવાની હતી, ત્યાં ન્યાયના હિતમાં એવું કરવું યોગ્ય છે કે દેખીત રીતે થયેલ જણાતો ગુનો અંગે તપાસ કરવામાં આવે. એવો અભિપ્રાય રચવા માટે અદાલતને પ્રાથમિક તપાસ હાથ ધરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આવી પ્રાથમિક તપાસ કરવી જ પડે એવી આદેશાત્મક ફરજિયાતતા નથી. આવી પ્રાથમિક તપાસ વિના પણ, જ્યારે અદાલતને એવું

જણાય કે તે અદાલતમાં ચાલી રહેલી કાર્યવાહી સંબંધે કોઈ ગુનો કરવામાં આવ્યો છે, ત્યારે અદાલત એવો અભિપ્રાય રચી શકે છે. એ નોંધવું મહત્વનું છે કે અદાલત એવો અભિપ્રાય રચે ત્યારે પણ અદાલતે ફરિયાદ કરવી જ ફરજીયાત છે એવું નથી. આ પેટાકલમ ે અદાલતને એવું કરવાની સત્તા પ્રદાન કરી છે. તેનો અર્થ એવો નથી કે અદાલતે નિયમિત રીતે દરેક વખતે ફરિયાદ જ કરવી જોઈએ. પરંતુ એકવાર અદાલત એવું કરવાનો નિર્ધાર કરે, ત્યારબાદ અદાલતે હકીકતી પરિસ્થિતિના આધારે એવો નિષ્કર્ષ નોંધવો જોઈએ કે ન્યાયના હિતમાં તે ગુનાની વધુ તપાસ થવી યોગ્ય છે. જો અદાલતને એવો નિષ્કર્ષ સુધી પહોંચવા માટે પ્રાથમિક તપાસ કરવી આવશ્યક લાગે, તો અદાલત માટે એવું કરવું હંમેશા ખુલ્લું છે, જો કે આવી કોઈ પ્રાથમિક તપાસના અભાવે અદાલતે પોતાના અભિપ્રાય અંગે નોંધેલો નિષ્કર્ષ અમાન્ય થતો નથી. ફરી એક વાર યાદ રાખવું જોઈએ કે પેટાકલમમાં કલ્પાયેલી પ્રાથમિક તપાસનો હેતુ કોઈ ચોક્કસ વ્યક્તિ દોષિત છે કે નહીં તે શોધવાનો નથી. તેનાથી વિપરીત, પ્રાથમિક તપાસનો હેતુ, અદાલત તે હાથ ધરે તો પણ, માત્ર એટલો જ છે કે દેખીત રીતે થયેલ જણાતા ગુના અંગે તપાસ કરવી ન્યાયના હિતમાં યોગ્ય છે કે નહીં તે નક્કી કરવું.

૧૦. "તપાસ" ની વ્યાખ્યા સંહિતાની કલમ ૨(જી) માં આ મુજબ આપવામાં આવી છે કે "વિચારણાથી ભિન્ન એવી દરેક તપાસ, જે આ સંહિતા હેઠળ મેજિસ્ટ્રેટ અથવા અદાલત દ્વારા હાથ ધરવામાં આવે." તેનો સંદર્ભ વિચારણા પૂર્વની તપાસ સાથે છે, અને વર્તમાન સંદર્ભમાં તેનો અર્થ મેજિસ્ટ્રેટ દ્વારા હાથ ધરવાની તપાસ એવો થાય છે. જે અદાલત એવું મત બનાવે છે કે, ભલે તે પ્રાથમિક તપાસ હાથ ધરીને કે તે વિના, ન્યાયના હિતમાં કોઈ ગુનાની બાબતમાં તપાસ કરવી સમીચીન છે, તેવી અદાલતે સંબંધિત પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટને લેખિત ફરિયાદ કરવી જરૂરી બને છે. કારણ કે સંકળાયેલા ગુનાઓ બધાં જ સંહિતાની "વોરંટ કેસ" [કલમ ૨(૧૦) માં વ્યાખ્યાયિત મુજબ] ની વ્યાપ્તિમાં આવે છે, તેથી સંબંધિત મેજિસ્ટ્રેટે સંહિતાના પ્રકરણ ૧૯ માં નિર્ધારિત પ્રક્રિયાનું અનુસરણ કરવું પડે. આ સંદર્ભમાં અમે સૂચવીએ છીએ કે સંહિતાની કલમ ૩૪૩ માં એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે કે કલમ ૩૪૦ હેઠળ જેને ફરિયાદ કરવામાં આવે છે તે મેજિસ્ટ્રેટ એ મામલાનું નિવારણ એ રીતે આગળ વધારીને કરશે જાણે તે પોલીસ અહેવાલના આધારે સ્થાપિત કરવામાં આવ્યો હોય. સ્થિતિ એવી હોવાને કારણે, મેજિસ્ટ્રેટ ફરિયાદ પ્રાપ્ત થતાં જ સંહિતાની કલમ ૨૩૮ થી કલમ ૨૪૩ મુજબ કાર્યવાહી આગળ વધારશે.

૧૧. સંહિતાની કલમ ૨૩૮ મુજબ, મેજિસ્ટ્રેટે પ્રારંભે જ પોતાની સંતોષ પામવો કે સંબંધિત તમામ દસ્તાવેજોની નકલો આરોપીને પૂરી પાડવામાં આવી છે. કલમ ૨૩૯ મેજિસ્ટ્રેટને ફરિયાદ તથા તેની સાથે મોકલવામાં આવેલા દસ્તાવેજો પર વિચાર કરવા આદેશિત કરે છે. તે આરોપીની એવી પૂછપરછ પણ કરી શકે છે, જે તેને જરૂરી લાગે. ત્યારબાદ, આરોપી સામેના આક્ષેપો નિરાધાર છે કે કેમ તે વિચારવા માટે મેજિસ્ટ્રેટે ફરિયાદ પક્ષ અને આરોપી બન્નેની રજૂઆતો સાંભળવી પડે. જો તેને આક્ષેપો નિરાધાર જણાય, તો તે અંગેના પોતાના કારણો નોંધાવી તે તબક્કે આરોપીને મુક્ત કરવો પડે. સંહિતાની કલમ ૨૪૦ મુજબ, જો ઉપરોક્ત તપાસમાં મેજિસ્ટ્રેટનો એવો અભિપ્રાય બને કે આરોપીએ ગુનો કર્યો છે એવું માનવા માટે આધાર છે, તો તેને આરોપી સામે લેખિત આરોપ ઘડવો પડે. તેવો આરોપ ત્યારબાદ આરોપીને વાંચી સંભળાવવો અને સમજાવવો, તથા તેને પૂછવું કે ઘડાયેલા આરોપનો તે દોષ સ્વીકારે છે કે નહીં. જો તે દોષ સ્વીકારતો ન હોય, તો મેજિસ્ટ્રેટે ત્યારબાદ વિચારણ ચલાવવાની કાર્યવાહી આગળ વધારવી પડે. તે સમય સુધી મેજિસ્ટ્રેટ સમક્ષ તપાસ ચાલુ રહે છે.

૧૨. આ રીતે, જેણે વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે તે વ્યક્તિને ગુનાને લઈ તેના સામે કાર્યવાહી ચલાવવામાં આવવી જોઈએ કે નહીં તે બાબતે સાંભળવામાં આવવાનો કાનૂની અધિકાર છે, પરંતુ એવો કાનૂની અધિકાર ત્યારે જ પરિકલ્પિત છે જ્યારે મેજિસ્ટ્રેટ આરોપીને પોતાની સમક્ષ હાજર થવા માટે બોલાવે. ત્યારબાદ સંબંધિત વ્યક્તિને સંહિતાની કલમ ૨૩૯ હેઠળ પરિકલ્પિત પૂર્વ–વિચારણા તપાસમાં ભાગ લેવાનો અધિકાર મળે છે. તેને મેજિસ્ટ્રેટને એ બાબતે સંતોષ અપાવવાનો અવકાશ છે કે તેની વિરુદ્ધના આક્ષેપો નિરાધાર છે અને તેને મુક્ત કરવામાં આવવાનો તે હકદાર છે.

૧૩. ઉપર દર્શાવેલ યોજનાથી સ્પષ્ટપણે જણાય છે કે જે વ્યક્તિઓના વિરુદ્ધ તે અદાલત દંડાધિકારી સમક્ષ ફરિયાદ દાખલ કરીને ફરિયાદ પક્ષની કાર્યવાહી આરંભિત કરી શકે, તેવી વ્યક્તિઓને સુનાવણીની તક આપવાની કોઈ વૈધાનિક આવશ્યકતા નથી. અપીલકર્તાના વિદ્વાન વકીલે દલીલ કરી હતી કે ભલે પ્રાથમિક તપાસના તબક્કા દરમિયાન આવી તક આપવાની કોઈ ચોક્કસ વૈધાનિક જોગવાઈ ન હોય, તો પણ સંહિતાની કલમ ૩૪૧માં આદેશથી પીડિત કોઈપણ વ્યક્તિને

અપીલનો ઉપાય આપવામાં આવ્યો છે, તે હકીકત એવી પ્રાથમિક તપાસમાં ભાગ લેવા તેના હકનું સૂચક છે.

૧૪. સંહિતાની કલમ ૩૪૧ હેઠળ, જે પક્ષની અરજી પર અદાલતે ફરિયાદ કરવા અંગે નિર્ણય કર્યો હોય અથવા નિર્ણય ન કર્યો હોય, તથા જેના વિરુદ્ધ આવી ફરિયાદ કરવાનો નિર્ણય થયો હોય તે પક્ષને પણ, પૂર્વવર્તી અદાલત જેના અધીન હોય તેવી અદાલતમાં અપીલ દાખલ કરવાની સત્તા પ્રદાન કરવામાં આવે છે. પરંતુ માત્ર એટલા માટે કે આવી અપીલની જોગવાઈ કરવામાં આવી છે, એથી એવો નિષ્કર્ષ કાઢવાનો આધાર ઉભો થતો નથી કે ફરિયાદ કરવામાં આવે તે પહેલાં અદાલત પર, જેમના વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવવાની હોય એવા વ્યક્તિઓને, સાંભળવાની તક આપવાની કાનૂની ફરજ છે. સંહિતામાં એવી પણ અન્ય જોગવાઈઓ છે કે જેઓ દ્ધારા એ અંગે નિષ્કર્ષે પહોંચી શકાય કે કોઈ વ્યક્તિને ફોજદારી કાર્યવાહી માં આરોપી તરીકે સામેલ કરવો જોઈએ કે નહીં, પરંતુ એવી મોટાભાગની કાર્યવાહી માં અદાલત અથવા સંબંધિત સત્તાધિકારીઓ પર સંભવિત આરોપીને સાંભળવાની તક આપવાની કોઈ કાનૂની ફરજ નાંખવામાં આવેલી નથી. કોઈપણ પરિસ્થિતિમાં, અપીલકર્તાએ અગાઉ જણાવ્યા મુજબ વડી અદાલત સમક્ષ અપીલ દાખલ કરીને સંહિતાની કલમ

૩૪૧ની જોગવાઈઓ હેઠળ ઉપલબ્ધ તકનો પહેલેથી જ લાભ લીધો છે."

૧૧. મારી સમક્ષ જે બીજી ફરિયાદનું નિવારણ માંગવામાં આવ્યું છે તે એ છે કે સંહિતાની કલમ ૨૦૨ હેઠળ વિદ્વાન મેજિસ્ટ્રેટ દ્વારા પોલીસ તપાસનો આદેશ પસાર થયા બાદ, પોલીસે ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૬૦ હેઠળ સમન્સ જારી કરીને અહીંના અરજદારોને સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે હાજર રહેવા દિશાનિર્દેશ આપ્યો હતો. જો ખરેખર એવું હોય, તો મારા મત મુજબ પોલીસ અધિકારી ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૬૦ હેઠળ આવા સમન્સ જારી કરવામાં ન્યાયસંગત નહોતો. તેનું કારણ અતિ સરળ છે. ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૬૦ નીચે મુજબ છે:

"(૧) આ પ્રકરણ હેઠળ તપાસ કરતા કોઈપણ પોલીસ અધિકારી લેખિત આદેશ દ્વારા, પોતાનાં અથવા કોઈ સીમાસંલગ્ન પોલીસ મથકની હદમાં રહેલી એવી કોઈપણ વ્યક્તિને, જેને આપવામાં આવેલી માહિતી પરથી અથવા અન્ય રીતે કેસના તથ્યો અને પરિસ્થિતિઓની જાણ હોવાનું જણાતું હોય, પોતાની સમક્ષ હાજર રહેવા ફરજ પાડી શકે છે; અને આવી વ્યક્તિએ તે મુજબ હાજર રહેવું પડશે: પરંતું, પંદર વર્ષથી ઓછી ઉંમરના કોઈ પુરુષ

વ્યક્તિને અથવા કોઈ સ્ત્રીને, તે પુરુષ વ્યક્તિ અથવા સ્ત્રી જ્યાં રહે છે તે સ્થળ સિવાય અન્ય કોઈ સ્થળે હાજર રહેવા ફરજ પાડી શકાશે નહીં.

(૨) રાજ્ય સરકાર આ બાબતમાં બનાવેલા નિયમો દ્વારા, પેટાકલમ (૧) હેઠળ પોતાની રહેઠાણસ્થળ સિવાય અન્ય કોઈપણ સ્થળે હાજર રહેનાર દરેક વ્યક્તિના વાજબી ખર્ચનું પોલીસ અધિકારી દ્વારા ચુકવણું કરવામાં આવે તેવી જોગવાઈ કરી શકશે."

૧૨. સંહિતાની કલમ ૧૬૦ હેઠળ સમન્સ જારી કરવા માટે તપાસ અનિવાર્ય પૂર્વશરત છે અને આવી તપાસ સંહિતાની કલમ ૧૫૪ મુજબ નોંધાયેલા ગુનાના સંબંધમાં જ હાથ ધરી શકાય છે. ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૬૦ પોતે જ સ્પષ્ટ કરે છે કે ફોજદારી પ્રક્રિયા સંહિતાના અધ્યાય ૧૨ હેઠળ તપાસ કરતા કોઈપણ પોલીસ અધિકારી લેખિત આદેશ દ્વારા, પોતાની અથવા કોઈ જોડાયેલા પોલીસ મથકની હદમાં આવેલ એવી કોઈપણ વ્યક્તિને, જેને આપવામાં આવેલી માહિતી પરથી અથવા અન્ય રીતે કેસના તથ્યો અને પરિસ્થિતિઓની જાણકારી હોય તેમ જણાતું હોય, પોતાની સમક્ષ હાજર રહેવા માટે કહેવા પાત્ર છે અને એવી વ્યક્તિએ તે પ્રમાણે હાજર રહેવું પડશે.

૧૩. કારણ કે ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૧૫૪ મુજબ કોઈ ગુનો નોંધાયેલો નથી, તેથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૬૦ હેઠળ કોઈ વ્યક્તિને અધિંકારી સમક્ષ હાજર થવા સમન્સ જારી કરી શકાય નહી . અધિકારી દ્વારા અરજદારને હાજર થવા માટે જારી કરાયેલા સમન્સ અધિકારક્ષેત્ર વિના હોવાથી, તેઓને રદ કરવાનો આદેશ કરવામાં આવે છે.

૧૪. ચંદ્ર દેઓ સિંહ વિ. પ્રકાશ ચંદ્ર બોઝ, એ.આઈ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૪૩૦ ના કેસમાં, સર્વોચ્ચ અદાલતે નીચે મુજબના અવલોકનો કર્યા હતા:

> "અમે સૂચવી શકીએ છીએ કે ધારા ૨૦૨ હેઠળની તપાસનો હેતુ ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપો સ્વભાવતઃ સચ્ચા છે કે કેમ તે નિર્ધારિત કરવાનો હોવાથી, ધારા ૨૦૩ હેઠળ કાર્યરત મેજિસ્ટ્રેટે પોતાની સંતોષપ્રાપ્તિ કરવી પડે કે કાર્યવાહી આગળ વધારવા માટે પૂરતો આધાર છે. આ નિષ્કર્ષે પહોંચવા માટે, પ્રસંગાનુસાર, તેને પોતાની સમક્ષ લેવાયેલ અથવા ધારા ૨૦૨ હેઠળની તપાસમાં નોંધાયેલ પુરાવા, અથવા તે ધારા હેઠળની અન્વેષણમાં કરવામાં આવેલા નિવેદનોનો વિચાર કરવાની સત્તા છે. આ સિવાયની અન્ય કોઈ સામગ્રી પર આધાર રાખવાનો તેને અધિકાર નથી.

૧૫. ઉપર ઉલ્લેખિત મુજબ, તપાસનો વ્યાપ સર્વોચ્ચ અદાલતના માનનીય ન્યાયમૂર્તીશ્રી દ્વારા દેવરપલ્લી લક્ષ્મીનારાયણ રેડ્ડી વિ. નારાયણ રેડ્ડી, (એ.આઈ.આર. ૧૯૭૬ એસ.સી. ૧૬૭૨ : (૧૯૭૬ ક્રિ. એલ.જે. ૧૩૬૧)) માં વિચારવામાં આવ્યો હતો. તેમના માનનીય ન્યાયમૂર્તીશ્રીે સંહિતાની કલમ ૨૦૨ ની ૧૯૭૩ માં કરાયેલા સુધારા પહેલાં અને પછીની જોગવાઈઓનું સામસામે અવલોકન કરીને એવું ઠરાવ્યું હતું કે કલમ ૧૫૬ (૩) હેઠળ આદેશિત પોલીસ તપાસ અને કલમ ૨૦૨ હેઠળ નિર્દેશિત તપાસ વચ્ચેનો ભેદ નવી સંહિતા હેઠળ પણ યથાવત્ રાખવામાં આવ્યો છે." તેમ અવલોકિત કરવામાં આવ્યું હતું:

> કલમ ૧૫૬ *(૩)* અધ્યાય ૧૨ માં, 'પોલીસને માહિતી અને તપાસ કરવા અંગે તેમની સત્તાઓ' એવા શીર્ષક હેઠળ આવેલ છે*;* જ્યારે કલમ ૨૦૨ અધ્યાય ૧૫ માં છે, જેના પર 'મેજિસ્ટ્રેટ સમક્ષની ફરિયાદો વિશે' એવું મથાળું છે*.* કલમ ૧૫૬ *(૩)* હેઠળ પોલીસ તપાસનો આદેશ આપવાની સત્તા, કલમ ૨૦૨ *(૧)* દ્વારા પ્રદાન કરાયેલ તપાસ કરાવવાનો નિર્દેશ આપવાની સત્તાથી ભિન્ન છે*.* આ બન્ને અલગ-અલગ તબક્કાઓએ જુદા ક્ષેત્રોમાં કાર્ય કરે છે*.* પ્રથમ સત્તાનો ઉપયોગ ગુનાનો સંજ્ઞાન લેવાથી પૂર્વના તબક્કે થઈ શકે છે, જ્યારે બીજી સત્તાનો ઉપયોગ સંજ્ઞાન લીધા પછીના તબક્કે, જ્યારે મેજિસ્ટ્રેટ કેસનો વિચાર કરતા હોય ત્યારે થાય છે*.* તેનો અર્થ

એવો થાય છે કે, સંજ્ઞેય ગુનાના આચરણ સંબંધિત ફરિયાદના કેસમાં, કલમ ૧૯૦(૧) (એ) હેઠળ ગુનાનો સંજ્ઞાન લે તે પહેલાં મેજિસ્ટ્રેટ દ્ધારા કલમ ૧૫૬(૩) હેઠળની સત્તાનો આશ્રય લઈ શકાય. પરંતુ એક વાર તે એવો સંજ્ઞાન લઈ લે અને અધ્યાય ૧૫ માં સમાયેલ પ્રક્રિયામાં પ્રવૃત્ત થઈ જાય, પછી તેને સંજ્ઞાન-પૂર્વ તબક્કે પાછા ફરી જવાની અને કલમ ૧૫૬(૩) નો લાભ લેવાની સત્તા રહેતી નથી. વધુમાં, એ નોંધવું યોગ્ય છે કે કલમ ૧૫૬ ની પેટાકલમ (૩) હેઠળ કરવામાં આવેલ આદેશનો સ્વભાવ એવો હોય છે કે તે પોલીસને કલમ ૧૫૬ (૧) હેઠળની તેમની પૂર્ણ તપાસ સત્તાઓનો ઉપયોગ કરવા માટેનો નિર્વિવાદ સ્મરણપત્ર અથવા સૂચના સમાન છે. આવી તપાસમાં સમગ્ર સતત પ્રક્રિયાનો સમાવેશ થાય છે, જે કલમ ૧૫૬ હેઠળ પુરાવા એકત્ર કરવાથી શરૂ થાય છે અને કલમ ૧૭૩ હેઠળ અહેવાલ અથવા આરોપપત્ર સાથે પૂર્ણ થાય છે. બીજી તરફ, કલમ ૨૦૨ એવો તબક્કો આવે છે જ્યારે અધ્યાય ૧૫ હેઠળની કાર્યવાહી દરમિયાન મેજિસ્ટ્રેટ દ્ધારા કંઈક પુરાવા એકત્ર કરવામાં આવ્યા હોય, પરંતુ નિર્ધારિત પ્રક્રિયામાં આગળ શું કરવું તે અંગે નિર્ણય લેવા માટે તે અપર્યાપ્ત માનવામાં આવે. આવી સ્થિતિમાં, મેજિસ્ટ્રેટને કલમ ૨૦૨ હેઠળ, તે કલમ દ્ધારા નિર્ધારિત મર્યાદાઓની અંદર, 'આગળ કાર્યવાહી કરવા માટે પૂરતો આધાર છે કે નહીં તે નક્કી કરવા હેતુસર ' તપાસ

કરાવવાનો નિર્દેશ આપવાની સત્તા છે. આમ, કલમ ૨૦૨ હેઠળની તપાસનો ઉદ્દેશ પોલીસ અહેવાલ પર નવો કેસ શરૂ કરવાનો નથી, પરંતુ મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલી ફરિયાદના આધારે પહેલેથી જ પ્રસ્થાપિત થયેલી કાર્યવાહી પૂર્ણ કરવામાં મેજિસ્ટ્રેટને સહાય કરવાનો છે.

૧૬. આ મામલાનો એક વધારાનો પાસો પણ છે. કલમ ૧૬૦નું સાદું વાચન કરતાં જ તે સંપૂર્ણપણે સ્પષ્ટ થાય છે કે પોલીસ અધિકારીને એવો અધિકાર છે કે તે કેસના તથ્યો અને પરિસ્થિતિઓથી પરિચિત હોવાનું જણાતી કોઈપણ વ્યક્તિને પૂછપરછ માટે ઉપલબ્ધ રહે તે હેતુસર પોતાની સમક્ષ હાજર રહેવા નિર્દેશ આપી શકે, શરતે કે એવી વ્યક્તિ તેના પોતાના અથવા કોઈ પડોશી પોલીસ મથકની સીમાઓની અંદર ઉપલબ્ધ હોય.

૧૭. નિર્વિવાદ રીતે, વર્તમાન મામલામાં, અરજદારો તે અધિકારીના પોલીસ મથકની હદોમાં નિવાસ કરતા નથી જેણે સમન્સ જારી કર્યા છે. સમન્સ અમદાવાદના શાહપુર પોલીસ મથકના પોલીસ અધિકારી દ્વારા જારી કરવામાં આવ્યા છે, જ્યારે મારી સમક્ષના અરજદારો બધા મુંબઈના કાયમી રહેવાસીઓ છે.

૧૮. પરિણામે, આ અરજી આંશિક રીતે મંજૂર કરવામાં આવે છે. પોલીસ તપાસના આદેશને રદ કરવાની પ્રાર્થના જેટલી હદ સુધી સંબંધિત છે, તે

સમયપૂર્વ હોવાનું કારણે નામંજૂર કરવામાં આવે છે. મેં અગાઉથી જ સ્પષ્ટ કર્યું છે કે, જો અંતે પ્રક્રિયા જારી કરવામાં આવે, તો અરજદારોને તેને પડકારવા માટે ખુલ્લું રહેશે. સમન્સ જારી કરવાની કાનૂનીતા અને માન્યતા જેટલી હદ સુધી સંબંધિત છે, તે બાબતમાં આવા સમન્સ જારી કરી શકાય તેમ નહોતાં તે અંગેનું કારણ હું અગાઉથી જ સમજાવી ચૂક્યો છું.

૧૯. ઉપરોક્ત અવલોકનો અને નિર્દેશો સાથે, આ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

૨૦. હું સ્પષ્ટ કરું છું કે અન્યથા મેં મામલાના ગુણદોષમાં પ્રવેશ કર્યો નથી. હું માત્ર એટલું કહી શકું છું કે અહીંના અરજદારોને સંબંધિત પોલીસ અધિકારી સમક્ષ મામલામાં પોતાનું કહેવું લેખિતરૂપે સીધું રજૂ કરવાની છૂટ રહેશે અને જો આવી રજૂઆત પોલીસ અધિકારીને પ્રાપ્ત થાય, તો તેનું કાયદા મુજબ વિચારણા કરવામાં આવે.

(જે.બી. પારડીવાલા, ન્યાયાધીશ)

વાહિદ

*Translation of this Judgement has been provided by M/S*

*Hyperlink E-solutions Pvt. Ltd.*

---

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદીત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહીં. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્ધેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

---